# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-12-2025** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ અને ક્ષેત્રીય નિકાસકારો સાથે સંવાદ કર્યો.
2) પ્રધાનમંત્રીએ કહ્યું, દેશમાં આગામી પેઢીના સુધારાઓ સાથે ઝડપી બનેલી પ્રગતિની ગતિની વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે.
3) ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું, વિક્સિત ભારતના ઘડતરમાં શિક્ષણની નિર્ણાયક ભૂમિકા.
4) શિક્ષણ મંત્રાલયે યુવા લેખકોના માર્ગદર્શન માટે પ્રધાનમંત્રી યોજના PM-YUVA 3.0 હેઠળ યોજાયેલી સ્પર્ધાના પરિણામ જાહેર કર્યા
5) મહિલા ક્રિકેટમાં, ભારત સામેની પાંચમી અને અંતિમ T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - ECONOMIST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નીતિ આયોગ ખાતે યોજાયેલ ી એક બેઠકમાં પ્રખ્યાત અર્થશાસ્ત્રીઓ અને ક્ષેત્રીય નિકાસકારો સાથે વાતચીત કરી. તેમણે કેન્દ્રીય બજેટ 2026-27 પહેલા તેમના મંતવ્ય અને સૂચન માંગ્યા હતાં.

આ બેઠક નિષ્ણાતો માટે દેશની વર્તમાન આર્થિક પરિસ્થિતિ અને ભવિષ્યની પ્રાથમિકતાઓ પર તેમના મંતવ્યો અને મૂલ્યાંકન રજૂ કરવા એક યોગ્ય મંચ સાબિત થયું.

બેઠકમાં વિકાસને ટેકો આપવા , મેક્રો ઇકોનોમિક સ્થિરતાને મજબૂત કરવા અને ઉભરતા પડકારોનો સામનો કરવા માટે વધુ સુધારા અંગે ચર્ચા થઈ.

. . . . .

# PM-REFORM ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સુધારા એક્સપ્રેસમાં જોડાઈ ગયું છે અને વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બની ગયું છે. સોશિયલ મીડિયા પર મૂકેલા એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે વિશ્વ ભારતને આશા અને આત્મવિશ્વાસ સાથે જુએ છે.

તેમણે કહ્યું કે , દેશમાં આગામી પેઢીના સુધારાઓ સાથે ઝડપી બનેલી પ્રગતિની ગતિની વિશ્વ પ્રશંસા કરી રહ્યું છે. શ્રી મોદીએ ઉમેર્યું કે , સુધારા એક્સપ્રેસનું પ્રાથમિક એન્જિન ભારતની વસ્તી વિષયક સ્થિતિ , તેની યુવા પેઢી અને દેશવાસીઓની અદમ્ય ભાવના છે.

શ્રી મોદીએ કહ્યું કે 2025 ને ભારત માટે સુધારાના વર્ષ તરીકે યાદ કરાશે. વિવિધ ક્ષેત્રોમાં થયેલા મૂળભૂત ફેરફારોએ દેશની વિકાસ યાત્રામાં ગતિ ઉમેરી છે.

. . . . . .

# VP – KERALA VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને જણાવ્યું છે કે વિક્સિત ભારતના ઘડતરમાં શિક્ષણ નિર્ણાયક ભૂમિકા ભજવશે. આજે કેરળના તિરુવનંતપુરમમાં એક કોલેજના સમારોહમાં બોલતા તેમણે કહ્યું કે , દેશના યુવાનો રાષ્ટ્રનું ભવિષ્ય છે. તેમણે રોજગારની તકો ઉભી કરવા સ્વદેશી તકનીકો વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

દરમ્યાન વરકલા ખાતે ૯૩મા શિવગિરિ યાત્રાધામના ઉદ્ઘાટન સમારોહમાં સંબોધન કરતાં તેમણે લોકોને અને ખાસ કરીને યુવાનોને , શ્રી નારાયણ ગુરુના ઉપદેશોમાંથી પ્રેરણા લેવા અપીલ કરી. આ પ્રસંગે તેમણે ચાર પુસ્તકોનું પણ વિમોચન કર્યું હતું.

. . . . . . . . .

# CR PATIL - JAL SEVA ANKALAN

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આજે જળ જીવન મિશન હેઠળ સેવા વિતરણ અને સમુદાય માલિકીને મજબૂત બનાવવા જલ સેવા આંકલનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો. જળ શક્તિ મંત્રાલયે જણાવ્યું કે, જલ સેવા આંકલન એ જળજીવન મિશન પોર્ટલ પર ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત ડિજિટલ પીવાના પાણીની સેવા કાર્યક્ષમતાનું મૂલ્યાંકન સાધન છે.

આ પ્રસંગે શ્રી પાટીલે કહ્યું, જલ સેવા આંકલન ગ્રામ પંચાયતોને તેમની પાણી પૂરવઠા પ્રણાલિઓના રક્ષક બનવા સશક્ત બનાવશે. આ નવું સાધન સેવા વિતરણ ખામીઓને વહેલા ઓળખવામાં અને સમયસર સુધારાત્મક કાર્યવાહીને સક્ષમ બનાવવામાં મદદ કરશે.

. . . . . . . . .

# NHAI

રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – NHAIએ ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળની એક અગ્રણી સંસ્થા - નેશનલ ટેસ્ટ હાઉસ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે જણાવ્યું આ કરારનો ઉદ્દેશ્ય ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિને મજબૂત બનાવવાનો અને બાંધકામ સામગ્રી , અને પ્રણાલીઓના સ્વતંત્ર પરીક્ષણ દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરિયોજનાઓની ગુણવત્તા ચકાસવાનો છે. મંત્રાલયે જણાવ્યું કે આ ભાગીદારી NHAIની પહેલોને મજબૂત બનાવશે અને માર્ગ સલામતીમાં વધારો કરશે.

. . . . . . . . . .

# GOVT AGREEMENT-MARINE

કેન્દ્ર સરકારે ઇન્ડો-કેનેડા કોલાબોરેટિવ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ગોવામાં સ્થિત એક ખાનગી સમુદ્રી કંપની સાથે "સ્માર્ટ સી પ્રોજેક્ટ" માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય 20 મુસાફરોવાળી ઇલેક્ટ્રિક હોડીના વિકાસ અને પ્રદર્શનનો છે , જેનાથી પર્યાવ રણ અનુકૂળ જળમાર્ગોને મજબૂતી મળશે , અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા ઓછી થશે અને સ્વચ્છ આંતરદેશીય અને દરિયાકાંઠાના જળ પરિવહનમાં સુધારો થશે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# JAISHANKAR-DHAKA VISIT

વિદેશ મંત્રી ડૉ ક્ટર એસ. જયશંકર આવતીકાલે બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટીના અધ્યક્ષ બેગમ ખાલિદા ઝિયાન ી અંતિમ વિધીમાં હાજરી આપવા ઢાકા જવા રવાના થશે . ડૉ. જયશંકર બેગમ ખાલિદા ઝિયાના અંતિમ વિધિમાં ભારત સરકાર અને લોકોનું પ્રતિનિધિત્વ કરશે.

. . . . . . . . . . . . . .

# PM-YUVA 3.0- RESULTS

શિક્ષણ મંત્રાલયે યુવા લેખકોના માર્ગદર્શન માટે પ્રધાનમંત્રી યોજના PM-YUVA 3.0 હેઠળ યોજાયેલ ી સ્પર્ધાના પરિણામ જાહેર કર્યા છે . જેમાં 22 ભારતીય ભાષા અને અંગ્રેજીમાં એમ કુલ 43 પુસ્તક માટેની દરખાસ્ત પસંદ કરવામાં આવી છે.

શિક્ષણ મંત્રાલયે જણાવ્યું પસંદ કરાયેલી આ દરખાસ્તોને પ્રખ્યાત વિદ્વાનોના છ મહિનાના માર્ગદર્શન હેઠળ પુસ્તકોમાં વિકસાવવામાં આવશે . પસંદ કરેલા લેખક ોને દર મહિને પચાસ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ અને તેમના પ્રકાશિત પુસ્તક પર 10 ટકા આજીવન રોયલ્ટી પણ મળશે.

PM-YUVA 3.0 હેઠળ પુસ્તકોની પ્રથમ આવૃત્તિ આવતા વર્ષે પ્રકાશિત કરાશે. જેનો ઉદ્દેશ્ય ભારત અને વિદેશમાં દેશના સાહિત્ય અને વિચારનું પ્રતિનિધિત્વ કરવા લેખકોની નવી પેઢીને તૈયાર કરવાનો છે.

. . . . . . . .

# UKRAINE- PUTIN RESIDENCE ATTACK

યુક્રેનના વિદેશ મંત્રી આન્દ્રી સિબિહાએ આજે રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર કથિત હુમલાના રશિયાના દાવાઓને નકારી કાઢ્યા . તેમણે મોસ્કો પર આ ઘટનાને ખોટી રીતે ઘડવાનો અને ખોટી માહિતી ફેલાવવાનો આરોપ પણ લગાવ્યો.

રશિયાનાં વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવના દાવા બાદ શ્રી સિબિહાએ આ ટિપ્પણી કરી છે. ગઈકાલે રાત્રે નોવગોરોડ ક્ષેત્રમાં રાષ્ટ્ર પ્રમુખ પુતિનના રાજ્ય નિવાસસ્થાન પર કિવ દ્વારા ડ્રોન હુમલો થયો હોવાનો રશિયાએ દાવો કર્યો હતો . પરંતુ રશિયાના વિદેશ મંત્રીના જણાવ્યા અનુસાર, આ બધા ડ્રોનને સફળતાપૂર્વક અટકાવી તેને તોડી પડાયાં હતાં..

. . . . . . . . .

# SAUDI ARABIA- AIR STRIKES

સાઉદી અરેબિયાએ આજે વહેલી સવારે યમનના બંદર શહેર મુકલ્લા પર હવાઈ હુમલો કર્યો. એક લશ્કરી નિવેદનમાં જણાવ્યા મુજબ યુએઈના પૂર્વ કિનારા પર આવેલા બંદર શહેર ફુજૈરાહથી જહાજો ત્યાં પહોંચ્યા બાદ હવાઈ હુમલા કરાયાં હતા.

આ હુમલો રાજ્ય અને દક્ષિણ ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ વચ્ચે તણાવમાં વધારાનો સંકેત આપે છે. દરમિયાન , યમનના હુથિ વિરોધી દળોએ હવાઈ હુમલા બાદ કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

. . . . . . . .

# UNITED NATIONS - HINDI

UN સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે 2026 ના નવા વર્ષનો સંદેશ હિન્દીમાં જાહેર કર્યો. યુએનમાં હિન્દી ભાષાનો ઉપયોગ વધારવાના ભારતના પ્રયાસોમાં આ એક મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ પ્રયાસ છે.

હિન્દી લખાણ અને હિન્દી સબટાઈટલ સાથેના વિડીયો સાથે , શ્રી ગુટેરેસે અરાજકતા અને અનિશ્ચિતતામાં ડૂબેલા વિશ્વ વિશે કડક ચેતવણી આપી. તેમણે વૈશ્વિક નેતાઓને લશ્કરી ખર્ચથી વિકાસ સહાય તરફ ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી અને કહ્યું કે સાચી સુરક્ષા યુદ્ધોને ભંડોળ આપવાને બદલે ગરીબી સામે લડવામાં રહેલી છે.

પ્રથમ વખત હિન્દીમાં સંદેશ જાહેર કરીને, UN એ માનવ એકતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને આગામી વર્ષમાં શાંતિ અને વૈશ્વિક વિકાસને પ્રાથમિકતા આપવા હાકલ કરી.

. . . . . . . . . . . . .

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચમી અને અંતિમ T-20 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહી છે. કેરળમાં તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાતી મેચમાં શ્રીલંકાની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ ભારતે 11 ઓવરમાં 5 વિકેટ 79 રન બનાવ્યાં છે.

ભારત તરફથી ઓપનિંગ બેટ્સમેન શેફાલી વર્મા પાંચ અને જી. કમાલિનીએ બાર રન બનાવીને આઉટ થઈ ગયાં. જ્યારે હરલિન દેઓલે 13 અને રિચા ઘોષે પાંચ રન બનાવ્યાં. હાલમાં સુકાની હરમનપ્રિત કૌર અને અમનજોત કૌર બેટીંગ કરી રહ્યાં છે.

શ્રીલંકા તરફથી નિમાશા મદુશાની, કવિશા દિલહારી, રશ્મિકા સેવવંડી એ , એક-એક અને સુકાની ચમારી અથાપથુ એ બે વિકેટ લીધી.

ઉલ્લેખનીય છે કે, ભારત પહેલાથી જ પાંચ મેચની શ્રેણીમાં 4-0ની અજેય સરસાઈ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં, યજમાન ભારતે 30 રનથી વિજય મેળવ્યો હતો.

. . . . . . . . .

# VADODARA PLAYER DEBUT

વડોદરાનાં 17 વર્ષનાં ખેલાડી આસ્મા ઝાબુવાલા ભારતીય શાળા રમતગમત મહામંડળ – SGFIમાં વજન ઉપાડવાની રમત – વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં પદાર્પણ કરશે. ધોરણ 12માં ભણતાં આ ખેલાડીએ કઠોર શૈક્ષણિક જવાબદારી સાથે રમતમાં ઊંડો રસ જાળવી રાખ્યો છે.

તેમણે કહ્યું , તેમનું સ્વપ્ન ઑલિમ્પિક રમતમાં વેઇટલિફ્ટીંગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો છે . SGFI તેમની પ્રથમ મુખ્ય રાષ્ટ્રીય સ્તરનો અનુભવ હોવાથી તેઓ આ તકને પોતાના લક્ષ્ય તરફના અગત્યના પગલાં તરીકે જોવે છે . અગાઉ તેમણે પાવર -લિફ્ટીંગ સ્પર્ધા માં રાજ્યકક્ષાનાં વિજેતા તરીકે માન્યતા મેળવી હતી. ક્લાસિક નૅશનલ સબ -જુનિયર પાવરલિફ્ટીંગ સ્પર્ધામાં પણ આસ્મા ઝાબુવાલાએ ત્રણ રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . .